# વલસાડમાં આપ-કોંગ્રેસ યુક્ત ભાજપની પાલિકાની ટીમ જાહેર

**શહેર** કોંગ્રેસના કાર્યકારી પ્રમુખના પત્ની, આપના વિધાનસભાના ઉમેદવારની દિકરી ભાજપમાંથી ચૂંટણી લડશે

**વલસાડ** પાલિકાના 11 વોર્ડની 44 બેઠકો માટેના ઉમેદવારો જાહેર કરતા કહીં ખુશી કહીં ગમની પરિસ્થિતિ

વલસાડ : વલસાડ જિલ્લા ભાજપે આજરોજ વલસાડ, પારડી અને ધરમપુર નગર પાલિકાની ચૂંટણી લડાવવા માટે પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી હતી. જેને લઇ હવે નગરપાલિકાની ચૂંટણીનો ધમધમાટ શરૂ થઇ ગયો છે. આજરોજ વલસાડ પાલિકાના 11 વોર્ડની 44 બેઠકો માટેના ઉમેદવારો જાહેર કરતા કહીં ખુશી કહીં ગમની પરિસ્થિતિ જોવા મળી હતી. આ વર્ષે ભાજપે કોંગ્રેસ અને આપમાંથી આવેલા ઉમેદવારોને ટિકિટ આપી વિધ્ન સંતોષીઓને સાચવી લીધા છે. ત્યારે હવે આગામી ચૂંટણીમાં ભાજપ કેટલી બેઠક મેળવે એના પર સૌની મીટ મંડાઇ છે.

ભાજપના વલસાડ જિલ્લા પ્રમુખ હેમંત કંસારાએ આજરોજ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની ટિકિટ મળી હોય એવા ઉમેદવારોના નામ જાહેર કર્યા હતા.

જેમાં તેમણે વલસાડ પાલિકાના માજી પ્રમુખ અને આપના વિધાનસભાના ઉમેદવાર રાજુ મરચાંની પુત્રી ઉર્વશી પટેલને વોર્ડ નં. 2માં સામાન્ય મહિલાની બેઠક પસંદગી ઉતારી હતી. ત્યારબાદ તેમણે તાજેતરમાં જ કોંગ્રેસ સાથે છેડો ફાડીને ભાજપમાં જોડાયેલા કોંગ્રેસ શહેરના કાર્યકારી પ્રમુખ રોનક શાહના પત્ની યોગીનીબેન પર પણ પોતાની પસંદગી ઉતારી હતી. ત્યારે આપ અને કોંગ્રેસ યુક્ત ભાજપની આ ટીમને લઇ અનેક ચર્ચાઓ થઇ હતી.



## કપરાડાની ઘોટણ બેઠકની પેટાચૂંટણી માટે કોંગ્રેસ-ભાજપ અને આપે ફોર્મ ભર્યા

વલસાડ : સ્થાનિક સ્વરાજની 16 ફેબ્રુઆરીએ યોજાનારી ચૂંટણીઓ અંતર્ગત વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં 9 ગામને સમાવતી તાલુકા પંચાયત ઘોટણ બેઠક માટે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના ઉમેદવારોએ કપરાડા મામલતદાર કચેરીએ પોતાના નેતા, સમર્થકો સાથે ઉમેદવારી પત્રક ભર્યું હતું. ભાજપ તરફથી અગાઉના સભ્ય સ્વ. ગોપાળભાઇના પુત્ર અંબાદાસ ગાયકવાડએ ભાજપ ઓફિસ્થી રેલી આકારે મામલતદાર કચેરીએ પહોચી ઉમેદવારી પત્રક ભર્યું હતું. ધારાસભ્ય અને માજીમંત્રી જીતુભાઇ ચૌધરી ઉપસ્થિત રહ્યા હતા. તાલુકા પંચાયતના ઉપપ્રમુખ ગોપાળ ગાયકવાડના નિધન બાદ ખાલી પડેલી જગ્યા ઉપર પેટાચૂંટણી યોજાઇ રહી છે. આ બેઠક ઉપર ભાજપના સભ્ય ચૂંટાયા હતા. આમ આદમી પાર્ટી દ્વારા ઉમેદવાર તરીકે માતુનીયા ગામના અને વ્યવસાયે યુવા એડવોકેટ ધવલિયાભાઇ ભોંયા, કોંગ્રેસ તરફે ઘોઠણના ઉમેદવાર શંકરભાઇ ધાકલભાઇ ભડાગીએ ઉમેદવારી નોંધાવી હતી.

### ભાજપે 60 વર્ષથી વધુ ઉમરના ઉમેદવારોની બાદબાકી કરી

ભાજપે જાહેર કરેલી આ યાદીમાં સતત 3 વર્ષથી ભાજપમાંથી ચૂંટણી લડીને જીતતા ઉમેદવારોની બાદબાકી કરી હતી. તેમજ તેમણે 60 વર્ષથી વધુ ઉમરના ઉમેદવારોની પણ બાદબાકી કરી હતી. જેમાં ભાજપ શાસિત પાલિકાના માજી પ્રમુખ સોનલબેન સોલંકી તેમજ વર્ષોથી ભાજપ સાથે સંકળાયેલા એવા પ્રવિણ કચ્છી(ભાનુશાળી)ની ટિકીટ કપાઇ ગઇ હતી. બીજી તરફ ભાજપને ટેકો આપનારા નિતેષ વશી તેમજ યશેશ માલીની પત્ની ઉર્વીબેનને પણ ટિકીટ આપી હતી.

### કેટલાક જૂના સભ્યોને રિપીટ કરાયા હતા

વલસાડ નગરપાલિકાની ચૂંટણી જંગના ઉમેદવારોની ભાજપની યાદીમાં વર્ષાબેન અમિતભાઇ પાનવાલા, જેસ્ટીકા દર્શન પટેલ, વિમલ સુમંતરાય ગજધર જેવા સભ્યોને રિપીટ કરાયા હતા. આ સાથે ઉર્મીબેન દેસાઇને રિપીટ કરવાના બદલે તેમના પતિ આશિષ દેસાઇને, માજી પ્રમુખ કિન્નરીબેન પટેલના બદલે તેના પતિ અમિષ પટેલના નામોની જાહેરાત કરી હતી.

### પારડી પાલિકા માટે ભાજપે માજી પ્રમુખ, શહેર માજી પ્રમુખ સહિત 27 જૂના સભ્યના પત્તા કાપ્યા

પારડી : ભારતીય જનતા પાર્ટીએ પારડી નગર પાલિકાની કુલ 7 વોર્ડના 28 ઉમેદવાર પસંદ કરી તેની યાદી જાહેર કરી છે. જેમાં ભાજપે માજી પાલિકા પ્રમુખ અને શહેર માજી પ્રમુખ સહિત 27 જૂના સભ્યના પત્તા કાપતા નવા ઉમેદવારને તક આપી છે. વિતેલા બોર્ડમાં 28 પૈકી ભાજપને 14 અને કોંગ્રેસને 14 બેઠક ઉપર જીત મળતા ટાઇ થઈ હતી. પ્રથમ અઢી વર્ષ માટે કજોડાના વેશ માફક ભાજપ-કોંગ્રેસ યુતિ સત્તા ચલાવવાની નોબત આવી હતી. પારડી નગર પાલિકાની વાત કરીએ તો માજી પ્રમુખ ફાલ્ગુની ભટ્ટને રિપીટ કરાયા છે. ઉપરાંત કિર્તી પટેલ ભંડારી અગાઉના બોર્ડમાં સભ્ય રહી ચુક્યા હોય તેમને ફરી આ વખતે તક આપી છે. જ્યારે માજી મહામંત્રી પ્રણવ દેસાઈને ઉમેદવાર જાહેર કરાયા છે. પાલિકાના માજી કારોબારી અધ્યક્ષ દેવેન્દ્ર શાહના પત્ની જાગૃતિબેન શાહ પણ ઉમેદવાર જાહેર કરાયા છે. તો માજી ઉપપ્રમુખ સંગીતાબેનને ટિકિટ ન આપી તેમના પતિ કિરણભાઈને મેદાને ઉતાર્યા છે. ત્યારે અહીં કહી ખુશી કહી ગમનું વાતાવરણ જોવા મળ્યું હતું.

# ગણદેવીમાં પડોશી સાથે વાત કરવાની ના પાડતા લીવ ઇનમાં રહેતી પ્રેમિકાનો આપઘાત

**પ્રેમિકાએ** મનદુ:ખને પગલે જીવન ટૂંકાવતા એક વર્ષના પુત્રએ મા ની છાત્રછાયા ગુમાવી

બીલીમોરા : ગણદેવી સુગર ફેક્ટરીની હમાલ ચાલમાં લીવ ઇનમાં રહેતી પ્રેમિકાને પડોશી સાથે વાત કરવાની ના પાડતા મનદુ:ખને પગલે પ્રેમિકાએ જીવન ટૂંકાવી લીધુ હતુ. જેમાં તેના એક વર્ષના પુત્રએ મા ની છાત્રછાયા ગુમાવી હતી.

ગણદેવી સુગર ફેક્ટરીમાં મજૂરી કામ કરીને સુગરની હમાલ ચાલમાં લીવ ઇન રિલેશનશિપમાં મધ્યપ્રદેશનાં બૈતુલ જિલ્લાનાં ગુલ્લર ઢાણા ગામનાં વતની અજય ગનાજી ભુસુમકર (૨૭) અને પ્રેમિકા ગાયત્રી જોલાંગ ચૌહાણ (૧૯) રહેતા હતા. તેમને એક વર્ષનો પુત્ર છે. ગાયત્રી તેમની પડોશમાં રહેતા રમેશ નામના યુવાન સાથે વાત કરતી જોતા અજયે તેને ઠપકો આપ્યો હતો. અને વાત ન કરવાનું કહ્યું હતું. જેનું ગાયત્રીને મનમાં માઠું લાગી આવ્યું હતું. અને ઘરમાં એકલી હતી ત્યારે સવારે હમાલ ચાલની રૂમના પતરાની સાથે લોખંડના સળીયા સાથે દુપટ્ટો બાંધી તેનો ગળે ફાંસો લગાવી આપઘાત કરી લીધો હતો.

અજય બપોરે ઘરે આવ્યો ત્યારે ગાયત્રીની લાશ લટકતી જોઈ હતી અને અડોશીપડોશીને જણાવતા તેઓ દોડી આવ્યા હતા. અને પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોત નોંધી તપાસ હાથ ધરી હતી.

## ધરમપુર પાલિકાની ચૂંટણી માટે ભાજપના ઉમેદવારો જાહેર

ધરમપુર : ધરમપુર નગરપાલિકાની ચૂંટણીમાં ગત ટર્મમાં કોંગ્રેસમાંથી ચૂંટાયેલા ત્રણ ઉમેદવારોને ભાજપમાં ટિકિટ મળી હતી. જોકે આજરોજ ભાજપ દ્વારા જાહેર કરાયેલા સમાવિષ્ટ 6 વોર્ડના નામો પૈકી વોર્ડ નંબર 1 માં દેવ્યાની રાઠોડ, પ્રીતિ આહીર, મિતેશ પટેલ તેમજ તેજસ પટેલનું નામ જાહેર થયું હતું. વોર્ડ નંબર 2માં રક્ષા જાદવ, જેંદુમતી માહલા, નરેશ પટેલ તેમજ મયંક મોદીનું નામ જાહેર થયું હતું. જ્યારે વોર્ડ નંબર 3 માં પિન્કીબેન વણઝારીયા, સબિસ્તારનું સાજીદ બીન દાઉદી, હિરેન પટેલ, ફહદબીન સબીર બાહનાનના નામો જાહેર થયા હતાં. એ જ રીતે વોર્ડ નંબર 4 માં ઉર્મિલા ભોયા,ભક્તિબેન કાપડિયા, હિતેશ રાઠોડ તેમજ સંજય દેસાઈના નામો જાહેર થયા હતાં. જ્યારે વોર્ડ નંબર 5 માં દીપિકા પટેલ, જ્યારે દીપમાલા ચોનકર તેમજ જીગ્નેશ પટેલ, સમીપ રાંચના નામો જાહેર થયા હતાં. જ્યારે વોર્ડ નંબર 6 મા રીટા ગાંગોડે, અનિતા ચૌધરી, મહેશ ગાયકવાડ જ્યારે સામાન્ય બેઠક પર ભરત ભેસરાના નામ જાહેર થયા હતાં.


અમૃત પટેલ

# પારડીની સદગુરુ સોસાયટીના કોમન પરનું દબાણ દૂર કરવા પ્રાંતને રજૂઆત

**કોર્ટનો** કોમન પ્લોટ ઉપરનું દબાણ દૂર કરવા હુકમ પણ આજદિન સુધી દબાણ દૂર થયું નથી

પારડીઃ પારડીમાં આવેલી સદગુરુ સોસાયટીના રહીશો દ્વારા સોસાયટીના કોમન પ્લોટ ઉપર બિલ્ડરે કરેલાં દબાણ દૂર કરવા પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, સોસાયટીના કોમન પ્લોટ ઉપર સોસાયટીના જિતેન્દ્ર વશી દ્વારા ગેરકાયદે દબાણ કરાયું હતું. તે સામે સોસાયટીના રહીશોએ કોર્ટનાં દ્વાર ખખડાવાતાં કોર્ટે આ કોમન પ્લોટ ઉપરનું દબાણ દૂર કરવા હુકમ પણ કર્યો હતો. તેમ છતાં આજદિન સુધી દબાણ દૂર થયું નથી. આ બાબતે નગર પાલિકા, મામલતદાર તથા સંબંધિત અધિકારીઓને પણ રજૂઆત કરી છે, છતાં પણ હજી સુધી દબાણ દૂર થયું નથી. જેથી પ્રાંત અધિકારીને રજૂઆત કરવાની ફરજ પડી છે. રહીશોએ જણાવ્યું કે, પ્રાંત અધિકારીને મળતાં તેમણે સારો પ્રતિભાવ આપ્યો હતો અને હાલ ચૂંટણીની આચારસંહિતા ચાલતી હોય, એ બાદ આ મામલે ઉકેલ લાવવા આશ્વાસન પણ આપ્યું હતું.


ગિરીશ ભોયે

# ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ સીટની પેટા ચૂંટણીમાં મહિલાઓ વચ્ચે જંગ

સાપુતારા : ડાંગ જિલ્લા પંચાયતમાં કુલ 18 બેઠક છે. જેમાંથી 17 સદસ્યો ભાજપાનાં ચૂંટાયા હતા. જ્યારે 1 સદસ્ય કૉંગ્રેસનો ચૂંટાયો હતો. જેના પગલે જિલ્લા પંચાયતની બાગડોર ભાજપાનાં હાથમાં જોવા મળે છે. જેમાં થોડા સમય પહેલા 10-કડમાળ બેઠકનાં ભાજપાનાં જિલ્લા સદસ્ય લક્ષ્મીબેન મોહનભાઈ ચૌધરીનું આકસ્મિક નિધન થતા આ બેઠક ખાલી પડી હતી. જેથી ચૂંટણી પંચ દ્વારા ડાંગ જિલ્લાનાં કડમાળ જિલ્લા સીટની પેટા ચૂંટણીની જાહેરાત કરવામાં આવેલી છે. ત્યારે ડાંગ જિલ્લા પંચાયતની કડમાળ આદિજાતિ સ્ત્રી બેઠક માટે કોંગ્રેસ દ્વારા એલિશાબેન ગુલાબભાઈ ચૌધરીને ઉમેદવાર તરીકે ઉતારવામાં આવેલા છે. કોંગ્રેસનાં ઉમેદવાર દ્વારા સુબીર મામલતદાર કચેરીએ પહોચી ઉમેદવારી ફોર્મ ભર્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં કોંગ્રેસનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે બીજી તરફ આજરોજ ગુજરાત ભાજપે કડમાળ બેઠકની પેટાચૂંટણી માટે ઉમેદવારની જાહેરાત કરી છે. ગુજરાત ભાજપ પ્રદેશ હાઈકમાન્ડ દ્વારા ડાંગની કડમાળ બેઠકની પેટા ચૂંટણી માટે લતાબેન નાનુભાઈ લોત્યા (રહે. ઢોંગીઆંબા તા.સુબિર)ને ઉમેદવાર તરીકે જાહેર કરેલા છે. ત્યારે અહી મહિલાઓ વચ્ચે ચુંટણીમાં જંગ જામશે એવુ જોવા મળી રહ્યું છે. જોકે ચુંટણીના અંતિમ દિવસોમાં જ ચિત્ર સ્પષ્ટ થશે એવી ચર્ચાએ પણ જોર પકડ્યું છે. ત્યારે આવનાર દિવસોમાં ડાંગ જિલ્લાની કડમાળ સ્ત્રી આદિજાતિ બેઠક પર કયો પક્ષ બાજી મારશે તે સમય જ બતાવશે.

# બીલીમોરા પાલિકાની ચૂંટણી માટે ભાજપે ૧૬ને રિપીટ કર્યા

**૩૬** પૈકી ૩૪ ઉમેદવારોનું લિસ્ટ જાહેર, વોર્ડ નં.૬ અને વોર્ડ નં.૮ માં ઉમેદવારની જાહેરાત બાકી

### ભાજપમાં ફક્ત અને ફક્ત ચાપલુસી જ ચાલે છે

ભાજપે શુક્રવારે ઉમેદવારોના નામની જાહેરાત કરતા જેમનું નામ કપાયા છે તેવા નારાજ ભાજપના ઉમેદવારોએ ભાજપમાંથી રાજીનામુ ધરી દીધું છે. જેમાં ભાજપના કારોબારી સભ્ય રશેષ દેસાઈએ અને તેમના પત્ની શીતલ દેસાઈએ ભાજપ માંથી તમામ પદો પરથી રાજીનામું આપ્યું છે. જેમાં તેમણે જણાવ્યું છે કે, ભાજપમાં ફક્ત અને ફક્ત ચાપલુસી જ ચાલે છે. એ વાત ફેબ્રુઆરી 2025 નગરપાલિકાની ચૂંટણીમાં ટિકિટ વહેચવાની બાબતે દેખાય છે એમ તેમણે પોતાની નારાજગી વ્યક્ત કરીને તેમના તમામ હોદ્દાઓ પરથી રાજીનામા ધરી દીધાનો ઉલ્લેખ કર્યો છે.

બીલીમોરા : બીલીમોરા પાલિકાની ચૂંટણી માટે ભાજપે શુક્રવાર બપોરે ૩૬ પૈકી ૩૪ ઉમેદવારોનું લિસ્ટ જાહેર કર્યું છે. નવા ૧૮ ની પસંદગી કરી જુના ૧૬ ને રિપીટ કરાયા હતા. જેને પગલે થોડો અણગમો જોવાઈ રહ્યો છે. જોકે વોર્ડ નં.૬ અને વોર્ડ નં.૮ માં એક એક ઉમેદવારની જાહેરાત બાકી રહી હતી. જે અંગે અનેક અટકળો વહેતી થઈ હતી.

બીલીમોરા નગરપાલિકા ૯ વોર્ડનાં ૩૬ પૈકી ૩૪ ઉમેદવાર માટે ભાજપ દ્વારા ઉમેદવારો જાહેર કરાયા હતા. જેમાં વોર્ડ ૧ માં રીટા જ્યોતિષ સોલંકી, પાર્વતી અમરત પટેલ, મુકેશ હરીશ પટેલ, અને પ્રદીપ જમનાદાસ ધીવરની પસંદગી કરાય છે.

તેવી જ રીતે વોર્ડ નં.૨ માં કલાવતી જોગી પટેલ, સુરેખા કિરણ ગોરડ, મહેન્દ્ર જગદીશ જોષી અને હરીશ ચીમન ઓડ, વોર્ડ નં.૩ માં દિગીશા વિમલ પટેલ, નીરુ રામુ પટેલ, અરવિંદ બાબુ પટેલ અને પ્રજ્ઞેશ રામજી પટેલ વોર્ડ નં. ૪ વર્ષા રમેશ સારંગ, વિપુલા રાજન મિસ્ત્રી, દિપક પ્રેમા કેવટ અને અંકિત ગમન ટંડેલ, વોર્ડ નં. ૫ માં મનીષા ધર્મેશ પટેલ, સુચેતા દિપક દુશાને, ધર્મેશ ગોપાલ પટેલ અને તોહિલ અમરત પટેલ

વોર્ડ નં ૬ માં હેતલ મનીષ દેસાઇ, ડો. અર્ચના મુકેશ મહેતા, અને મનીષ બાબુ પટેલ, વોર્ડ નં.૭ માં મયુરી કિશોર પટેલ, તેજલ ગૌરાંગ જોષી, નરેશ નગીન પટેલ અને ચિંતન રોહિત શાહ, વોર્ડ નં.૮ માં નયના સુખદેવ પટેલ, દક્ષેશ ઈશ્વર પટેલ, યુસુફ અબ્દુલ મેમણ અને વોર્ડ નં.૯માં અનુપમા સંજય પરમાર, લીના યોગેશ પટેલ, સાજન ગુલાબ પટેલ અને હર્ષિલ વિનોદ દેસાઈને ઉમેદવારો તરીકે જાહેરાત કરાયા હતા. જોકે વોર્ડ નં.૬ અને વોર્ડ નં.૮ માં એક એક ઉમેદવારની જાહેરાત બાકી રહી હતી.

# વલસાડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સનું મુખ્યમંત્રીના હસ્તે રવિવારે ઉદ્ઘાટન

વલસાડ : વલસાડમાં નેશનલ હાઈવે નં.૪૮ ઉપર 188 બેડની વલસાડ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (VIMS) અત્યાધુનિક મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલનું રવિવારે ૨ ફેબ્રુઆરીના રોજ ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવશે. ઉદ્ઘાટન સમારોહમાં નાણા મંત્રી કનુભાઈ દેસાઈ, સંસદ સભ્ય ધવલ પટેલ અને ધારાસભ્ય ભરત પટેલ સહિત મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

VIMS ના ચેરમેન ડૉ. સંદીપ દેસાઈએ હોસ્પિટલ અંગે જણાવ્યું હતું કે, "અમારો ઉદ્દેશ્ય સમગ્ર દક્ષિણ ગુજરાતમાં ગુણવત્તાયુક્ત આરોગ્ય લક્ષી સેવાઓમાં રહેલ અંતરને દૂર કરવાનો છે. સુરત અને મુંબઈ વચ્ચે મલ્ટી-સુપર-સ્પેશિયાલિટી હોસ્પિટલની અછતને દૂર કરવા માટે આ હોસ્પિટલ આ પ્રદેશમાં એક મહત્વપૂર્ણ ઉમેરો છે. આ હોસ્પિટલ કેશલેસ મેડિક્લેમ સેવાઓને માન્યતા આપશે અને PMJAY યોજનામાં ભાગ લેશે.

VIMS ના ડિરેક્ટર નિષ્ઠા લાલભાઈએ જણાવ્યું, "આ હોસ્પિટલ અતુલ હેલ્થકેર લિમિટેડ, અતુલ લિમિટેડ (અતુલ) ની 100% પેટાકંપની અને પ્રદેશના જાણીતા તબીબી પ્રેક્ટિશનરોના જૂથ વચ્ચેનું સંયુક્ત સાહસ છે. યરેક્ટર ડૉ. સુનિલ ચોક્સીએ હોસ્પિટલની વિશિષ્ટતા સમજાવતા જણાવ્યું હતું કે, "હોસ્પિટલની મુખ્ય સુવિધાઓમાં તબીબી, સર્જીકલ, કાર્ડિયાક અને આઈસોલેશન કેસો માટે 12-બેડના NICU અને આઈસોલેશન ICU સાથે 34-બેડના ICU જેવા વિશિષ્ટ ઈન્ટેન્સિવ કેર યુનિટનો સમાવેશ થાય છે. અહીંયા મેમોગ્રાફી, ડિજિટલ એક્સ-રે, સીટી સ્કેન અને એમ આર આઈ સુવિધાઓ સાથે રેડિયોલોજી વિભાગ ઉપલબ્ધ છે. VIMS ના ડાયરેક્ટર અજીતસિંહ બત્રાએ જણાવ્યું હતું કે, "આ હોસ્પિટલના મજબૂત ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં DG સેટ અને અદ્યતન ફાયર ડિટેક્શન સિસ્ટમ્સ સાથે 100% પાવર બેકઅપનો સમાવેશ થાય છે, જે કટોકટી દરમિયાન અવિરત કામગીરી સુનિશ્ચિત કરે છે.

# દાનહ-દમણ-દીવના 23 પોલીસ કર્મચારીની આંતરિક બદલી

દમણ : સંઘપ્રદેશ દાનહ-દમણ-દીવના 23 જેટલા પોલીસ કર્મચારીની આંતરિક બદલી કરવામાં આવી છે. દાનહ દમણ દીવ પોલીસ વિભાગના સુપ્રિટેન્ડેન્ટ ઓફ પોલીસ હેડ ક્વોટર્સ આઈપીએસ અધિકારી કુમાર જ્ઞાનેશ દ્વારા બદલીના ઓડર જારી કરાયા છે. જેમાં 3 એસઆઇ જેમાં એ.એ.ડાયસને પોલીસ હેડ ક્વાર્ટરથી એન્ટી કરપ્શન યુનિટ દાનહ- દમણ-દીવમાં બદલી કરવામાં આવી છે. ધનજી દુબરિયાને ભીમપોર આઉટ પોસ્ટથી દાનહ સાયલી પોલીસ ટ્રેનિંગ સ્કૂલમાં બદલી કરાઈ છે. પુનિત મીણાને સેલવાસથી દમણ ભીમપોર આઉટ પોસ્ટ તથા ઈન્ટેલિજન્સ બ્યુરો દમણ તરીકે બદલી કરાઈ છે. 2 એ.એસ.આઇ. પ્રવીણચંદ્ર પટાઈ અને આર.ડી.રોહિતને દમણથી સેલવાસ બદલી કરવામાં આવી છે. જ્યારે 5 જેટલા હેડ કોન્સ્ટેબલ પૈકી અશ્વિન સોલંકીની દાનહ અને મફત તળપદાની દમણથી ખાનવેલ પોલીસ સ્ટેશન ખાતે બદલી થવા પામી છે. ક્રિષ્નવિજય ગોહિલની દાનહથી દમણ પોલીસ હેડ ક્વાર્ટર દમણ, આશિષ પટેલને ટેક્સેલ દમણથી નાની દમણ પોલીસ સ્ટેશન તથા નિમેષ આહીરને દાનહથી પોલીસ હેડ ક્વાર્ટર દમણ બદલી થવા પામી છે. 11 જેટલા પોલીસ કોન્સ્ટેબલ પૈકી રજનીકાંત પંજરીની દાનહથી દમણ, અકીબ ખાન અને વિજય કુરકુટિયાની દાનહથી દીવ, સુરેશ વૈશ્ય દમણથી દીવ, વિનોદ વૈશ્ય અને આનંદ થોરાટની દીવથી દાનહ બદલી થવા પામી છે. કલ્પેશ કુરાડાની દમણથી દાનહ ટ્રાફિક, રાકેશકુમાર પટેલની દાનહ ટ્રાફિકથી એ.સી.યુ. દાનહ દમણ દીવ, રાકેશ સોલંકીની દમણથી દીવ, તુલસી જેઠવાની દાનહથી દીવ બદલી થવા પામી છે. જ્યારે મહિલા પોલીસ કોન્સ્ટેબલ પ્રીતિ મકવાણાની દીવથી કચીગામ પોલીસ સ્ટેશન તથા મહિલા હેડ કોન્સ્ટેબલ નીરુ પટેલની દમણથી દાનહ બદલી થવા પામી છે.

## નવસારી મનપા રજાના દિવસે પણ વેરાની વસુલાત કરશે

નવસારી : નવસારી મહાનગરપાલિકા દ્વારા વર્ષ 2024-25 ના વર્ષ માટેની વેરા વસુલાતની કામગીરી માટે જાહેર રજાના દિવસોએ પણ કચેરી ચાલુ રાખવામાં આવશે. નવસારી મહાનગરપાલિકાનો આગામી માર્ચ મહિનામાં વર્ષ 2024-25 પૂર્ણ થશે. ત્યારે નવસારી શહેરનો વર્ષ 2024-25 નો ઘણા લોકોનો વેરો ભરવાનો બાકી છે. જોકે આગામી માર્ચ મહિનામાં વર્ષ 2025-26 શરુ થવા જઈ રહ્યું છે. ત્યારે નવસારી મનપાના દ્વારા વર્ષ 2024-25 નો વેરો વસુલવાની કામગીરી શરુ કરવામાં આવી છે. જેથી નવસારી મનપા દ્વારા વેરાની વસુલાત માટે મહાનગરપાલિકાની તમામ કચેરીઓમાં આગામી શનિ-રવિ તેમજ જાહેર રજાના દિવસોએ વેરા વસુલાતની કામગીરી કરવામાં આવશે.

# નવસારી તિઘરામાં તીનપત્તીનો જુગાર રમતા 4 ઝડપાયા

નવસારી : નવસારી ટાઉન પોલીસે બાતમીના આધારે નવસારી તિઘરામાં તીનપત્તીનો જુગાર રમતા 4ને ઝડપી પાડી આગળની તજવીજ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, નવસારી ટાઉન પોલીસને બાતમી મળી હતી કે, તિઘરા નવી વસાહત ત્રણ રસ્તા પાસે જાહેરમાં કેટલાક ઈસમો તીનપત્તીનો હારજીતનો જુગાર રમી રહ્યા છે. જે બાતમીના આધારે પોલીસે ઘટના સ્થળે જઈ છાપો મારી તીનપત્તીનો જુગાર રમતા 4ને ઝડપી પાડ્યા હતા. જેમાં નવસારી તિઘરા નવી વસાહતમાં તાજુદીન કમલાદીન શેખ, હમીદખાન મહેબુબખાણ પઠાણ, હમીદશા ગની શા અને રાહુલ વિશ્વનાથ ગાંગુડેને ઝડપી પાડ્યા હતા. સાથે જ પોલીસે આરોપીઓના અંગઝડતીમાંથી રોકડા 1020 રૂપિયા અને દાવ પરના રોકડા 280 રૂપિયા મળી કુલ્લે 1300 રૂપિયાનો મુદ્દામાલ કબ્જે કરી આગળની તજવીજ હાથ ધરી છે.

## રાષ્ટ્રપતિ પ્રત્યે અપમાનજનક શબ્દો બોલનાર કોંગ્રેસના નેતા સોનિયા ગાંધી વિરુધ્ધ ઉગ્ર વિરોધ

વલસાડ : દિલ્હીમાં કોંગ્રસ નેતા સોનિયા ગાંધીએ આદિવાસી મહિલા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી પ્રત્યે અપમાન જનક શબ્દોના પ્રયોગ કરતા આદિવાસી સમાજનું અપમાન કર્યાનો આક્ષેપ કર્યો છે. એ સંદર્ભે વલસાડ-ડાંગ સાંસદ ધવલ પટેલ તેમજ આદિવાસી સાંસદો દ્વારા ઉગ્ર વિરોધ કરાયો હતો. બારડોલીના આદિવાસી સાંસદ પ્રભુ વસાવા અને છોટાઉદેપુરના સાંસદ જશુ રાઠવાએ વિરોધ વ્યક્ત કર્યો હતો.


Leading Rubber Manufacturing Company Situated at Vapi: To Recruit Competent, Committed, Self-Motivated & Enthusiastic Candidate for Following Positions: Mixing / Calendaring / Production Supervisor: Graduate with 3-4 Years Experience in Rubber Goods Manufacturing. Send your CV.on mail: applforvapi@gmail.com

Leading Engineering Company Situated at Vapi Seeking to Recruit Competent, Committed, Self-Motivated & Enthusiastic Candidate for Following Positions: Accounts Executive & Dispatch Clerk Having 2 to 3 Years Experience. Send your CV.on mail: applforvapi@gmail.com

વાપીમાં આવેલ એન્જીનીયરીંગ કંપની માટે જોઈએ છે : CNC. ઓપરેટર (ડ્રિલિંગ) અને ટર્નર / ગ્રાઈન્ડર જોઈએ છે. (એન્જીનીયરીંગ કંપનીમાં કામ કરવાનો અનુભવ જરૂરી છે). સંપર્ક : 8591995510

Leading Engineering Company Situated at Vapi Seeking to Recruit Competent, Committed, Self-Motivated & Enthusiastic Candidate For Following Positions:
1. Production Engineer/ Shift Engineer: Diploma in Mechanical with 3 to 4 Years Experience In Engineering Workshop.
2. Sales Representatives/ Engineer: 3 to 4 Year Experience in Selling to Textile, Paper Industrial Application.
3. Maintenance Manager: Graduate with 6 to 7 Years Experience Engineering Company.
4. Production Planner: Diploma In Engineering with 5 to 6 Years Experience in Planning Production.
5. Dispatch & Logistics Person: Graduate with 3 to 4 Years Experience In Similar Position.
6. Accounts, Dispatch Clerk/ Office Incharge: Should Be Graduate & Experience in Looking For Dispatch, Accounts & Administration.
Send your CV.on mail: applforvapi@gmail.com

વાપીમાં એન્જીનીયરીંગ કંપનીને લેબર કોન્ટ્રાકટર જોઈએ છે. તેમજ ટર્નર, ગ્રાઈન્ડર CNC. ઓપરેટર, ફીટર, બોઈલર ઓપરેટર મિક્સીંગ, કેલેન્ડરીંગ ઓપરેટર જોઈએ. સંપર્ક : 8591995510

વાપીમાં આવેલ રબ્બર કંપની માટે જોઈએ છે : મિક્સીંગ અને કેલેન્ડરીંગ ઓપરેટર (રબ્બર કંપનીમાં કામ કરવાનો અનુભવ હોવો જરૂરી છે.) સંપર્ક : 8591995510

**આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.**
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
સીઆઈએનઃ L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: કેઆરએમ ટાવર્સ, 8મો માળ, હેરીંગટોન રોડ, ચેટપેટ, ચેન્નઈ-600031. ટેલિફોનઃ 91-44-45644000, ફેક્સઃ 91-44-45644022

IDFC FIRST Bank

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટ્રસ્ટ એક્ટ 2002ની કલમ 13 (2) હેઠળ નોટિસ

નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારે નીચે ઉલ્લેખીત સિક્યોર્ડ લોન આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) પાસે લીધું હતું. નીચે ઉલ્લેખીત ઋણ લેનાર અને સહ-ઋણ લેનારનું ઋણ તેમની મિલ્કતને ગીરિ મૂકીને સિક્યોર્ડ છે. તેઓ ઋણની સમજૂતીના નિયમો અને શરતોનું પાલન કરવામાં નિષ્ફળ ગયા હતા અને અનિયમિત બન્યા હતા, તેમનું ઋણ આરબીઆઈના દિશાનિર્દેશ મુજબ એનપીએ તરીકે વર્ગીકૃત કરાયું છે. તેમના દ્વારા આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) આપવાની બાકી રકમનો ઉલ્લેખ નીચેના કોષ્ટકમાં વધુ ખાસ રીતે વર્ણવેલ સંબંધિત નોટિસો મુજબ કરવામાં આવ્યો છે અને આ રકમ પર વધુ વ્યાજ પણ લાગુ થશે અને તે તેમની સંબંધિત તારીખોથી પ્રભાવિત કરારના દર મુજબ વસૂલવામાં આવશે.

| અ. નં. | લોન એકાઉન્ટ નં. | લોનનો પ્રકાર | ઋણ લેનાર અને સહ ઋણ લેનારનું નામ | કલમ 13 (2) હેઠળની નોટીસની તારીખ | કલમ 13 (2) હેઠળ બાકી નીકળતી રકમ |
|---|---|---|---|---|---|
| 1 | 85377880 | હોમ લોન | 1. ઓઉશફ નસીરુદ્દીન શેખ 2. નસીરુદ્દીન અસગર શેખ | 19.10.2024 | INR 10,72,838.03/- |
| મિલ્કતનું સરનામું: સ્થાવર મિલ્કતના તમામ ભાગ, ફ્લેટ નં. એફ-1-604, છઠો માળ, કાર્પેટ એરિયા 43.83 ચોરસ મીટર, સ્થિત છે 'ડ્રીમ આઈકોન'નો 'એફ-1 વિંગ', જેનું બાંધકામ બિનકૃષિ જમીન પર થયેલું છે, ન્યૂ સર્વે નં. 2670, સ્થિત છે ડુંગરીના ન્યાયક્ષેત્રમાં છે, તાલુકો: વાપી, જિલ્લો: વલસાડ, રાજ્ય- ગુજરાત-396191. પડોશહકના તમામ હકો સાથે અને જમીનમાં ખરીદનારના પ્રમાણસરના અવિભાજિત હક 10.00 ચોરસ મીટર છે, અને સીમાઓ: પૂર્વ: ફ્લેટ નં. એફ-1-603, પશ્ચિમ: ફ્લેટ નં. એફ-1-605, ઉત્તર: ફ્લેટ નં. એફ-1-601, દક્ષિણ: ફ્લેટ નં. એફ-2-605 | | | | | |
| 2 | 90484911 | હોમ લોન | 1. સંજીવ કુમાર પટેલ 2. અન્નપૂર્ણા સંજીવ કુમાર પટેલ 3. કુલબાઈ પટેલ | 04.01.2025 | INR 34,69,478.55/- |
| મિલકતનું સરનામું: મિલકતના તમામ ભાગ, ફ્લેટ નં. સી-901, ક્ષેત્રફળ 1199.00 ચોરસ ફીટ જે 111.39 ચોરસ મીટર (કાર્પેટ એરિયા), 'ભાનુહિલ્સ-સી' તરીકે જાણીતી ઈમારતનો નવમો માળ, ઈમારતનું બાંધકામ બિન-કૃષિ જમીન પર થયો છે જેનો સર્વે નં. 124-1-પૈકી-પૈકી 1, ન્યૂ સર્વે નં. 1048, સ્થિત છે ચારવાડા, તાલુકા: વાપી, જિલ્લો: વલસાડ, ગુજરાત-396191. સીમાઓ: પૂર્વ: ખુલ્લી જગ્યા, પશ્ચિમ: ફ્લેટ નં. સી-902, ઉત્તર: ખુલ્લી જગ્યા, દક્ષિણ: આંતરીક માર્ગ. | | | | | |

તમને આથી આ પ્રકાશનની તારીખથી 60 દિવસની અંદર ઉપરોક્ત કોષ્ટકમાં દર્શાવેલ રકમ સાથે કરાર મુજબના વ્યાજ દર અને અન્ય ખર્ચ, ચાર્જ વગેરે સાથે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ને (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) ચૂકવવાનું કહેવામાં આવે છે. જેમાં નિષ્ફળ જવા પર નીચે સહી કરનારને આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.ની (અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઈ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે) બાકી રકમની વસૂલાત કરવા માટે ઉપરોક્ત ગીરિ મૂકેલી મિલકતો સામે SARFAESI એક્ટની કલમ 13 (4) અને કલમ 14 હેઠળ કાર્યવાહી શરૂ કરવા માટે મજબૂર થશે. વધુમાં તમારા પર ઉપરોક્ત કાયદાની કલમ 13 (13) હેઠળ આ સુરક્ષિત અસ્કયામતોને વેચાણ/લીઝ દ્વારા અથવા અન્યથા હસ્તાંતરિત કરવા પર પ્રતિબંધ છે.

સહી-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ.
(અગાઉ કેપિટલ ફર્સ્ટ બેન્ક લિમિટેડ હતી, આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે એકીકૃત થઇ અને હવે આઈડીએફસી ફર્સ્ટ બેન્ક લિ. તરીકે જાણીતી છે)
તારીખ: 1-2-2025
સ્થળ: વાપી